# ક્રિકેટિંગ રાષ્ટ્રવાદ

- અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

વર્ષ 1999માં એક તરફ કારગિલ સંઘર્ષ ચાલતો હતો બીજી બાજુ ઇંગ્લેન્ડમાં વર્લ્ડ કપ ક્રિકેટ મેચો રમાતી હતી. હું ઉનાળું વેકેશનમાં મારા કુટુંબ સાથે ત્યાં ગયો હતો. અમે ક્રિકેટ મેચ જોવા સ્ટેડિયમમાં ગયા. ભારતીય ટીમ સેમિ-ફાઈનલ પહેલા જ બાકાત થઈ ગઈ હતી.

પાકિસ્તાની ક્રિકેટ ટીમ સામે ભારતની મેચ માન્ચેસ્ટરમાં ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાઇ હતી. કારગીલ યુદ્ધ ચાલુ હોવાથી ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ મહત્વની બની ગઈ હતી. સ્ટેડિયમ ખાતે તંગ પરિસ્થિતિ હતી. મોટા ભાગના પ્રેક્ષકોએ કાં તો ભારતીય ત્રિરંગા અથવા પાકિસ્તાની રાષ્ટ્રધ્વજના રંગો ધરાવતા ટી શર્ટ પહેર્યા હતા. આ બેઉ દેશોની જનતા દ્વારા સેંકડો રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવી રહ્યા હતા. ભારતીય મૂળના યુવાનોનું એક જૂથ મને ઓળખી ગયું અને ભારતીય ટીમના વિજયની શક્યતા વિશે ઉત્સાહી હોવાનું વાતચીતમાં જણાયું. તેમાંના મોટા ભાગના પાસે બ્રિટિશ પાસપોર્ટ હતો અને બ્રિટિશ નાગરિકો હતા. તેમાંના કેટલાક પરિવારોએ યુગાન્ડા અને કેન્યાથી સ્થળાંતર કર્યું હતું, જેમાં અનેક ગુજરાતીઓ હતા. તેઓ ક્રિકેટ મેચમાં કોને ટેકો આપશે તે વિષે પ્રશ્ન પૂછવામાં આવતા તેઓએ એકી અવાજે કહ્યું 'દેખીતી રીતે ઈન્ડિયા'. અમે ઇંગ્લેન્ડની મેચ જોતા હોઈએ તો ઈંગ્લેન્ડની ટીમને ટેકો આપીએ. લોર્ડ સ્વરાજ પોલ મને કહેતા કે તેઓ હંમેશા ભારતને જ ટેકો આપે, પણ ઇંગ્લેન્ડ અને ભારત સામસામે રમી રહ્યા હોય ત્યારે વિજેતા ટીમને ટેકો આપીએ છીએ.

મેં અગાઉ ઉલ્લેખ કર્યો તેમ રમતજગતના રાષ્ટ્રવાદ કે ક્રિકેટના રાષ્ટ્રવાદની બાબતમાં વ્યક્તિની રાષ્ટ્રીય ઓળખ એક અભિન્ન પાસું છે. એક ખેલપ્રેમી તરીકે હંમેશા ગમે

તે રાષ્ટ્રના મહાન ખેલાડીના ગુણોની તમે પ્રશંસા કરી શકો છો . કેટલાક લોકો અવલોકનનો આનંદ માણે છે. પરંતુ સ્પર્ધાત્મક ક્રિકેટમાં રાષ્ટ્રવાદી ભાવના તમારી રાષ્ટ્રીય ટીમ માટે આવશ્યક છે. વર્લ્ડ કપ ફૂટબૉલ સ્પર્ધામાં મને સમગ્ર વિશ્વમાં વિવિધ રાષ્ટ્રીય ટીમને ટેકો આપવાનો મિજાજ જોવા મળ્યો છે.

ભારત અને પાકિસ્તાન ક્રિકેટના સંદર્ભમાં કહીએ તો, ગમે તે રાષ્ટ્રના મહાન ક્રિકેટરના ગુણોની પ્રશંસા કરવામાં કંઈ ખોટું નથી. મૂળભુત રીતે વ્યક્તિઓનું એક જૂથ પાકિસ્તાની ટીમના વિજયની ઉજવણી કરે ત્યારે તે પાકિસ્તાનના રમતગમતલક્ષી ગુણોની નિર્દોષપણે કદર કરતા હોતા નથી. આવા કાર્યમાં તેઓ રાજકીય નિવેદનો કરે છે. આવા યુવાનો સામે કાયદા હેઠળ કામ ચલાવવું જોઈએ કે નહિ અને કઈ કલમ હેઠળ કાર્યવાહી કરાય તે ચર્ચાય છે. આ મુદ્દો આવી ઈરાદાપૂર્વકની ભાવના વ્યક્ત કરવા માટેના પ્રયાસરૂપ અને રાજકીય સંદેશ સમાન હોય છે.

દેખીતી રીતે આવી ભાવના ધરાવતા લોકો ખૂબ જ મોટી સંખ્યામાં છે અને તેઓ આપણા મનમાં શંકા સર્જે છે. કેટલાક લોકો પોતાને વિશે શંકા જગાડવા મનોવૈજ્ઞાનિક અવરોધ બનાવે છે. તેઓ સારી રીતે તેમનું દ્રષ્ટિબિંદુ વ્યક્ત કરી શકે છે. આવા લોકો ચોક્કસ શ્રેણીને એક અર્થમાં અસર કરે છે. એને બદલે તેઓ રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં રહેવાનું વિચારતા નથી. તેઓ દેશ માટે નુકસાન કરી રહ્યા છે તે બાબત ભારતીયો સારી રીતે જાણે છે અને ખાસ કરીને તે સમુદાયના સભ્યો આવી રીતે ગેરમાર્ગે દોરાઈને યુવાનો પોતાને જ નુકસાન પહોંચાડી રહ્યા છે. તેઓ આવું કરીને ગેમ હારી રહ્યા છે.